ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
જલસેવા ભવન, સે.૧૦-એ ગાંધીનગર
ફોન નં. ૨૩૨૫૧૦૪૮,૯૯૭૮૪૪૧૧૦૨ (ફેક્સ: ૨૩૨૨૫૯૭૯)

15 YEARS OF CELEBRATING THE MAHATMA

જા.નં.એબી/સીમે-૧-૨/કોવિડ-૧૯ ના.પ્ર./ફા.નં.૯૮/૨૦૨૦/૨૬૭ તા.૨૧/૦૬/૨૦૨૧

**વિષય:** પર્ફોમન્સ બોન્ડ / સીક્યુરીટી ડિપોઝીટ ૩% કરવા બાબત.

**સંદર્ભ:** ૧. માર્ગ અને મકાન વિભાગના ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૨૦/૩૨૯/સી, તા.૦૧/૦૬/૨૦૨૧

૨. તા.૦૮/૦૬/૨૦૨૧ના રોજ યોજાયેલ બોર્ડ બેઠકના ઠરાવ નં.બીએમ/૨૮૫/૫

**પ્રસ્તાવના:-**

કોવિડ-૧૯ની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઇ માર્ગ અને મકાન વિભાગના સંદર્ભ-(૧) પ્રમાણેના ઠરાવથી પર્ફોમન્સ બોન્ડ/સિક્યોરીટી ડિપોઝીટ ૩% કરવા બાબતે સૂચનાઓ આપવામાં આવેલ છે. ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડ સાથે કામગીરી કરતા ઇજારદારોની નાણાંકિય પ્રવાહીતા જળવાઇ રહે અને પરિણામે કામગીરીની પ્રગતિ જળવાઇ રહે તે હેતુસર આ ઠરાવનો અમલ બોર્ડ દ્વારા કરવો જરૂરી જણાય છે. ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડમાં પર્ફોમન્સ બોન્ડ/ સીક્યોરીટી ડિપોઝીટની સ્વીકારવા/કપાત કરવાની ટકાવારી માર્ગ અને મકાન વિભાગથી અલગ હોવાની બાબત ધ્યાને લેતા, સંદર્ભ-(૨) પ્રમાણેના ઠરાવથી મળેલ મંજૂરીને આધિન નીચે મુજબ પરિપત્ર કરવામાં આવે છે.

**પરિપત્ર:-**

૧. હયાત તમામ કરારો માટે પર્ફોમન્સ બોન્ડ/સીક્યોરીટી ડિપોઝીટની કુલ ૫% (પાંચ ટકા) રકમ પૈકી ૩% (ત્રણ ટકા) રકમ રાખી બાકીની રકમ ઇજારદારને તેમની પસંદગી પ્રમાણે પરત કરવાની રહેશે. સમગ્ર કરારના સમયગાળા દરમ્યાન આ પર્ફોમન્સ બોન્ડ/સિક્યોરીટી ડીપોઝીટ ૩ ટકાથી વધારવાની રહેશે નહિ. જો ખાસ કિસ્સામાં પર્ફોમન્સ બોન્ડ/સિક્યોરીટી ડીપોઝીટની રકમ ૩ ટકાથી વધારવાની થાય તે સ્થિતિમાં ટેન્ડર મંજુર કરનાર અધિકારીની કક્ષાથી એક કક્ષા ઉપરના અધિકારી અથવા ટી.પી.સી.-૧ પાસે વધારાની પર્ફોમન્સ બોન્ડ/સીક્યોરીટી ડિપોઝીટની જરૂરીયાત માટે મંજૂરી મેળવી લઇ શકાશે.

૨. જે ઇજારદાર દ્વારા આર્બીટ્રેશન કેસ/કોર્ટ કેસ દાખલ કરેલ હશે, તે બાબતે બોર્ડને નોટીસ આપેલ હશે, તે ઈજારદારને ઉપરોક્ત લાભ આપવાનો રહેશે નહિ.

૩. તા.૩૧/૧૨/૨૦૨૧ સુધીમાં માંગવાના થતા ટેન્ડર્સ, માંગી લેવામાં આવેલ ટેન્ડર્સ અને આખરી કરવામાં આવેલ ટેન્ડર માટે પર્ફોમન્સ બોન્ડ/સિક્યોરીટી ડીપોઝીટની રકમ ૩ ટકા રાખવાની રહેશે. આવા કિસ્સામાં ઇજારદારની પસંદગી પ્રમાણે ૩ ટકા પર્ફોમન્સ બોન્ડ/સિક્યોરીટી ડીપોઝીટ જમા લેવાની રહેશે.

06
22/21

Computer Cell
Inward No.: 625
Date 22/06/21
Mark to:

૪. ઉપરોકત પદ્ધતિએ જે કામોના કરાર માટે પર્ફોમન્સ બોન્ડ/સિક્યોરીટી ડીપોઝીટની રકમ ૩ ટકા કરેલ હોય તે સમગ્ર કરારની અવધિ દરમ્યાન માન્ય રહેશે. કરારની અવધિ તા.૩૧/૧૨/૨૦૨૧ બાદ માન્ય રહેતી હોય તો પણ ઉપરોકત પદ્ધતિએ પર્ફોમન્સ બોન્ડ/સિક્યોરીટી ડીપોઝીટ ૩ ટકાથી વધારવાની રહેશે નહીં.

૫. ઇજારદાર દ્વારા ૩% (ત્રણ ટકા) પર્ફોમન્સ બોન્ડ ડીપોઝીટ રાખવામાં આવે તે કિસ્સામાં પર્ફોમન્સ બોન્ડ સમયસર રીન્યુ કરવામાં આવશે તે પ્રમાણે ઇજારદારની બાંહેધરી મેળવી લેવાની રહેશે.

૬. ઇજારદારના રનીંગ બીલમાંથી સીક્યોરીટી ડિપોઝીટ તરીકે ૫ ટકાના સ્થાને ૨.૫ ટકા રકમ કપાત કરવાની રહેશે.

૭. આ પરિપત્રથી ફ્રી મેઇન્ટેનન્સ ગેરંટી/ડીફેક્ટ લાયેબીલીટી/ મેઇન્ટેનન્સ પિરિયડ માટે જમા રાખવાપાત્ર રકમમાં કોઇ ફેરફાર કરવાનો રહેશે નહિ.

૮. આ પરિપત્ર મરામત અને નિભાવણીનાં કામોને લાગુ પડશે નહિ.

(ફાઈલ પર માન. સભ્ય સચિવશ્રીની મંજુરીથી.)

(એમ. પી. પુજારા)
નાણાં નિયંત્રક

બિડાણ : સંદર્ભ-(૧) પ્રમાણેના પરિપત્રની નકલ

<u>નકલ સાદર રવાના પ્રતિ:-</u>

- માન. સચિવશ્રી,(પા.પુ.),નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, બ્લોક નં.૭/૯મો માળ, સચિવાલય, ગાંધીનગર
- માન. અધ્યક્ષશ્રીના કાર્યકારી સચિવશ્રી, ગુજરાત પા. પુ. અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર
- માન. સભ્ય સચિવશ્રી, ગુજરાત પા. પુ. અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર

<u>નકલ જાણ તથા અમલ અર્થે રવાના:-</u>

- મુખ્ય ઇજનેરશ્રી (સર્વે), બોર્ડ કચેરી, ગાંધીનગર
- મુખ્ય ઇજનેરશ્રી અને પ્રોજેકટ ડાયરેકટરશ્રી, અર્બન સેલ, બોર્ડ કચેરી, ગાંધીનગર
- નિયામકશ્રી, જી.જે.ટી.આઇ, ગાંધીનગર
- મુખ્ય ઈજનેરશ્રી, ઝોન ૧/૨/૩/૪/૫/૬
- અધિક્ષક ઈજનેરશ્રી (સર્વે)
- કાર્યપાલક ઇજનેરશ્રી (સર્વે)
- કાર્યપાલક ઇજનેરશ્રી, જા.આ.યાંત્રિક સ્ટોર વિભાગ, ગાંધીનગર

<u>નકલ રવાના:-</u>

- સીનીયર મેનેજરશ્રી (ના/હિ) (સર્વે)
- સીસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર શાખા, બોર્ડની વેબસાઇટ પર મૂકવા સારૂ
- નાયબ મેનેજરશ્રી (ના/હિ) (સર્વે)